અપીલ અરજી નં.૧૦૨ તા.૨૩–૭–૦૮

અરજદાર: શ્રી ઈકબાલભાઈ મુસાભાઈ પટેલ

સામાવાળા:આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (યુસીડી)

## ***હુકમ:–***

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઈકબાલભાઈ મુસાભાઈ પટેલની આઈ ડી. નં.૨૨૪ તા.૫–૬–૦૮ ની અરજીથી બીપીએલ કાર્ડનો પ્રથમ સર્વે કર્યા બાદ કુલ કેટલા કુંટુંબને કાર્ડ આપ્યા ,પ્રથમ સર્વેમાં એસ.એમ.સી. અને ગુજરાત મ્યુ. ફાઈનાન્સ બોર્ડને કેટલો ખર્ચ થયો તેની માહિતી પૂરી પાડવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૩–૭–'૦૮ ની અપીલ અરજી નં.૧૦૨/૨૦૦૮–૦૯

શ્રી ઈકબાલભાઈ મુસાભાઈ પટેલની આઈ ડી. નં.૨૨૪ તા.૫–૬–૦૮ ની અરજીથી બીપીએલ કાર્ડનો પ્રથમ સર્વે કર્યા બાદ કુલ કેટલા કુંટુંબને કાર્ડ આપ્યા ,પ્રથમ સર્વેમાં એસ.એમ.સી. અને ગુજરાત મ્યુ. ફાઈનાન્સ બોર્ડને કેટલો ખર્ચ થયો તેની માહિતી પૂરી પાડવા બાબતે નં.યુસીડી/૪૫૩ તા.૨૪–૬–૦૮ થી ઈ.ચા. ચીફ પ્રોજેકટ ઓફિસર અને મ. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આપેલ કાર્ડ વિતરણ થયેલ નથી તથા ગુ.મ્યુ.ફા.બોર્ડને થયેલ ખર્ચ દર્શાવતી માહિતી સામે આપેલ માહિતી અસંતોષકારક અને અધુરી હોઈ માંગ્યા મુજબ પૂરી પાડવાની રજુઆત કરી એપેલેટ ઓફિસરને તા.૨૩–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૭૫ તા.૩૧–૭– ૦૮ ના રોજ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (યુસીડી) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને આજ દિન સુધી પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી. પરંતુ અરજદારને પાઠવેલ માહિતી પત્રની નકલ મળેલ છે. જેની સાથે ધારાધોરણ અંગે ગુજરાત મ્યુ.ફાઈનાન્સ બોર્ડના પત્રની નકલ તેમજ સુરત મહાનગરપાલિકાના ઠરાવની નકલ રજુ કરેલ જણાય છે આથી માહિતી સંદર્ભે માંગ્યા મુજબની પર્યાપ્ત વિગત આપેલ છે. અધૂરી અને સંતોષકારક નથી તેવી રજુઆત બાબતે અરજદારે કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૫–૬–૦૮ ની આઈડી.નં.૨૨૪ ની અરજીમાં માંગ્યા મુજબની માહિતી ઈ.ચા.ચીફ પ્રોજેકટ ઓફિસર અને મ.જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે અપીલ અરજીમાં કરેલ રજુઆત જવાબ નહીં આપ્યા બરાબર છે અધૂરી અને સંતોષકારક નથી તેના સમર્થનમાં કોઈ આધાર કે વાજબીપણું રજુ કરી શકેલ નથી. તેમ છતાં અરજદાર ફાઈલનું ઈન્સ્પેકશન કરવા ઈચ્છતા હોય તો લાગત જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી દિન–૭ માં કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી તેમ કરી શકે છે અરજદારની માંગણી થયેથી આસી. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (યુસીડી) ધ્વારા હુકમની અમલવારી કરી પુર્તતા અહેવાલ અત્રે મોકલવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવેલ છે.

સમયમર્યાદામાં માહિતી પૂરી પડાયેલ હોઈ અરજદારની અપીલમાંની અન્ય રજુઆત અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૮ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧)આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,(યુસીડી)..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ઈકબાલભાઈ મુસાભાઈ પટેલ,